વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ Vol. 14 No. 1

## આપણું મુળ ક્યાં છે ? કેવું છે ?



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# મહીલાઓની સાથે રેશનલ સમાજની રચના તરફ

રેશનલ સમાજમાં સ્ત્રી-પુરુષની સમાનતાને સાહજીક રીતે સ્વીકારવામાં આવે છે. લૈંગીક સમાનતા હોવી કુદરતી છે. આપણા પુરુષપ્રધાન સમાજે ઘણી કુત્રીમતા દાખલ કરી છે. આથી સ્ત્રી સમાનતામાં માનનારા સ્ત્રી અને પુરુષોએ ઝઝુમવું પડે છે. ભારતમાં સ્વતંત્રતા મળ્યા બાદ સમાનતા સ્થાપવાની દીશામાં જે કામ થયું છે તેને મુંબઈની તાતા ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ્ટીસ્ટના વીભુતી પટેલે સુરતના સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના ઉપક્રમે યોજાયેલા વ્યાખ્યાનમાં તારણ સ્વરુપે આ પ્રમાણે દર્શાવ્યું :

પાંચ હજાર વર્ષ જુની પીતૃસમાજ વ્યવસ્થાને છેલ્લાં પચાસ વર્ષમાં મહીલા આંદોલનકારીઓએ પડકારી છે. એમણે મહીલાઓના શોષણ જુલમ, ગુલામીપણું અને નીચાજોણાયણાના મુળ પર ઘા માર્યો છે. મહીલાઓના અંગત અને જાહેર જીવન પર જે દેખીતા અને ગુપ્ત હુમલા થાય છે તેને નીરર્થક  બનાવવાનું કામ થઈ રહયું છે. પુરુષના આધીપત્યના જે ટેકાસ્વરુપ પરીબળો છે કે જે મહીલાના કુટુંબની અંદર, તંત્રમાં, સંગઠીત ધર્મમાં, જનમાધ્યમોમાં અને રાજયમાં સક્રીય છે તે પરીબળો સામે સવાલ ઉઠાવવામાં આવે છે. મહીલા ચળવળને પરીણામે લગ્ન, છુટાછેડા, બાળકોનો કબજો, જીવન નીર્વાહખર્ચ, વારસો, ઘરેલુ હીંસા, અને જાતીય હીંસા કાર્યસ્થળે હેરાનગતી, પ્રસુતી લાભો અને અંદાજપત્રોમાં મહીલાઓના સશકતીકરણ માટેના ખર્ચની જોગવાઈઓ જેવા અનેક ધારાકીય સુધારા શકય બન્યા છે. આ શકય બનાવવા માટે મહીલા-આંદોલનકારીઓ અને મહીલાઓની સ્થીતી અંગેના અભ્યાસો કરતા વીદ્વાનો વચ્ચે પ્રશંસનીય એકતા સધાઈ છે. મહીલા ચળવળની શરુઆત મહીલાઓની વચ્ચે રહીને એમને સક્રીય બનાવવાથી થઈ. હવે આગળ વધીને મહીલાઓ સરકારી અને બીનસરકારી સંસ્થાઓમાં નીર્ણયો લેતા અધીકાર-મંડળોમાં બેસતી થઈ છે તેથી મહીલાઓના સશકતીકરણ માટે અગમચેતી સ્વરુપ નીર્ણયો અને અમલ થવા માંડયા છે.

**હું તો માત્ર એટલું જ જાણું છું કે હું કશું જાણતો નથી.**
**–સોક્રેટીસ**

**–મોહનભાઈ પટેલ**
**મો.–૯૭૨૭૮ ૧૮૩૯૧**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ | સીદ્ધાર્થ દેગામી | સુનીલ શાહ

પ્રેમ સુમેસરા | | મનસુખ નારીઆ

૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ | સળંગ અંક : ૩૩૮ | Vol. 14 No. 1

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## આપણું મુળ કયાં છે ? કેવું છે ?

**–સુર્યકાન્ત શાહ**

અત્યાર સુધી વીજ્ઞાન જે શોધી શકયું છે તે અનુસાર આજથી ૧૩.૭ અબજ વર્ષ પુર્વે શુન્યાવકાશમાં જે મોટો ધડાકો-Big Bang-થયો તેમાંથી અત્યારે દેખાતુ સચરાચર પેદા થયું છે. આ સચરાચરમાં અબજો નીહરીકાઓ-ગેલેકસી છે. પ્રત્યેક નીહારીકામાં અબજો તારાઓ છે. ૧૩.૭ અબજ વર્ષ પુર્વે બીગ બેન્ગ થયા પછી દ્રવ્યો છુટા પડયાં. આ દ્રવ્યોમાંથી નીહારીકાઓ બની. કેટલીક નીહારીકા બીગ બેન્ગ થયા બાદ તરત, એટલે કે પાંચ-છ લાખ વર્ષમાં બનવાની શરુ થઈ. આ નીહારીકામાં જે સ્વયંપ્રકાશીત અબજો તારા છે તેમણે એની બધી બાજુ પ્રકાશનાં કીરણો ફેંકવા માંડયા. આ કીરણોની ગતી સૌથી વધારે ઝડપી છે. વીજ્ઞાનના અત્યાર સુધીના સંશોધનો જણાવે છે કે પ્રકાશનાં કીરણોની ગતીથી કોઈપણ પદાર્થની ગતી વધારે નથી. નીહારીકાઓ તો એકબીજાથી ઘણી દુર છે. એમની વચ્ચેના અંતરને માપવા માટે આપણો કોઈ પણ માપદંડ વામણો પડે. આથી પ્રકાશનાં કીરણોની જે ગતી છે તેને જ માપદંડ તરીકે વૈજ્ઞાનીકોએ સ્વીકાર્યો. અબજોના અબજો કીલોમીટરને માપવા માટે એમણે એક વર્ષમાં પ્રકાશ કેટલું અંતર કાપે તે નકકી કર્યું. આ અંતર એટલે નવની ઉપર બાર મીંડા ચઢાવો એટલા કીલોમીટર.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

સચરાચરની વીશાળતાને વીચારવા બેસીએ તો 'અધધધ....' બોલવું પણ ઓછું પડે. આવા એક પ્રકાશ વર્ષના અંતરથી પૃથ્વી અને જુદી જુદી નીહારીકાઓ વચ્ચેના અંતર ખગોળશાસ્ત્રીઓ માપતા હોય છે. હવે જો ૧૩.૭ અબજ પ્રકાશ વર્ષ દુરની નીહારીકા જોવાની મળે તો તેનો અર્થ એ કે એ નીહારીકાના તારાઓમાંથી છૂટેલો ૧૩.૭ અબજ વર્ષ પુર્વેનો પ્રકાશ આજે આપણે જોઈએ છીએ. નાસાના વીઠલ તીલવીએ પોતાના સાથીદારો સાથે રહીને આટલી દુરની કોઈ નીહારીકા શોધવાના પ્રયત્નો છેલ્લા ચાર વર્ષથી કર્યા. એમાં એમને સફળતા મળી. એમને તેર અબજ પ્રકાશ-વર્ષ દુરની નીહારીકા જોવાની મળી છે. એનુ નામ EGS77 રાખવામાં આવ્યું છે. આ નીહારીકાના તારાઓ પ્રકાશ આપણી પૃથ્વી પર મોટા પ્રમાણમાં પડે છે. આ પ્રકાશનાં કીરણોનું જો પૃથકકરણ કરવામાં આવે તો નાસા આજથી ૧૩ અબજ વર્ષ પુર્વે EGS77 માંથી છુટેલા પ્રકાશનું પૃથકકરણ કરી શકે. નાસાએ તીલવીની આગેવાની હેઠળ આ પૃથકકરણ શરુ કર્યું છે. આમ તો એ કીરણો થકી એમાં સંભવીત રસાયણો તેર અબજ વર્ષ પુર્વેના હશે. એનો અર્થ એ કે બીગ બેન્ગ થયા પછી ૭૦ કરોડ વર્ષે સચરાચરમાં જે પદાર્થો હતા તેની થોડી ઘણી જાણકારી આપણને મળે. આ જાણકારી આપણં મુળ કયાં છે અને કેવું છે તે સમજવામાં મદદ કરશે.

તીલવી મુળ ગોવાના છે. ભારતમાં શુદ્ધ વીજ્ઞાનમાં સંશોધન કરવાની કોઈ ગુંજાઈશ જ નથી. આથી તીલવી જેવા તેજસ્વી યુવાનો ગુપચુપ આપણો દેશ છોડી નાસા જેવી સંસ્થાઓમાં જઈને માનવજાતને જ્ઞાનની લહાણી કરે છે. જયાં સુધી આપણે ધર્મના ચકકરમાં ફસાયેલા રહીશું ત્યાં સુધી આપણો સમાજ શુદ્ધ વીજ્ઞાનની સ્થાપના જ કરી શકે એમ નથી. તીલવી જો ભારતમાં રહયા હોત તો એ કટાઈને એમને એમ નીરુપયોગી થઈ જતે. તીલવી જેવાઓને જો આપણે સાચવવા હોય તો સમગ્ર સમાજે વૈજ્ઞાનીક અભીગમ કેળવવો પડે. વૈજ્ઞાનીકોને પાલખીમાં બેસાડી એમનું બહુમાન કરવું પડે. સમાજની બેડીઓ જેવી અનેક રુઢીઓથી વીરુદ્ધ એમનાં સંશોધનો બોલતા હોય તો તેને આવકારવા પડે. આ બધું આપણે કરતા નથી. પ્રવર્તમાન પરીસ્થીતી સુચવે છે કે નજીકના ભવીષ્યમાં આપણે આ બેડીઓમાંથી મુકત થઈ શકવાના નથી. આ પરીસ્થીતીમાં તો એ જ બહેતર છે કે તીલવી જેવા આપણો દેશ છોડીને અમેરીકા-જર્મની જેવા દેશમાં જઈને વસે. એમ થવાથી એકંદરે માનવજાત વધારે જ્ઞાનસમૃદ્ધ બનશે, અને વધારે આનંદમાં જીવશે.

---

**'સત્યાન્વેષણ' વાંચો અને વંચાવો.**

# વૈચારીક ગ્રહણ કયારે દૂર થશે ?

-તંત્રીલેખ

બ્રહ્માંડમાં જે સ્વયં પ્રકાશીત અવકાશી પદાર્થો છે તેને તારા કહે છે. સુર્ય પણ એક તારો છે. પૃથ્વીને પોતાનો પ્રકાશ નથી તેથી તેને ગ્રહ અને પૃથ્વીની આસપાસ ફરતા ચંદ્રને ઉપગ્રહ કહે છે. ચંદ્રને પણ પોતાનો પ્રકાશ નથી. બ્રહ્માંડમાં આપણા સુર્યમંડળની વાત કરીએ તો સુર્ય સ્થીર છે, તેની આસપાસ ચંદ્ર ફરે છે. પૃથ્વીનો અડધો ભાગ સુર્યથી પ્રકાશીત રહે છે ત્યાં દીવસ, બાકીના અડધા ભાગમાં અંધારું હોય છે. પૃથ્વીના સુર્યની આસપાસના સતત પરીભ્રમણને કારણે દીવસ-રાત થાય છે. સુર્યથી પ્રકાશીત થવાને લીધે પૃથ્વીના અડધા ભાગનો પડછાયો પણ અવકાશમાં પડે છે. આટલી સાદી, સરળ સમજ પ્રાથમીક કક્ષાના બાળકમાં હોય છે.

કયારેક એમ બને છે કે પૃથ્વીનો પડછાયો સીધો ચંદ્ર પર પડે કે ચંદ્રનો પડછાયો પૃથ્વી પર પડે છે. જો પૃથ્વી તથા સુર્યની વચ્ચે ચંદ્ર આવે તો પૃથ્વી પરથી આપણને ચંદ્રનો પડછાયો વચ્ચે આવવાને કારણે સુર્ય કાળો દેખાય છે. આ ઘટના સુર્યગ્રહણ તરીકે ઓળખાય છે. આ ઘટના અમાસે થાય છે. તાજેતરમાં જ ૨૬ ડીસેમ્બરે ૨૦૧૯ નું છેલ્લું સુર્યગ્રહણ ભારત, સાઉદી અરબ, કતાર, ઈન્ડોનેશીયા, શ્રીલંકા, સુમાત્રા, મલેશીયા, ફીલીપાઈન્સ, સીંગાપોર અને ગુઆમમાં જોવા મળ્યું.

આમ, ખગોળવીજ્ઞાન અનુસાર સુર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્રમા આવે છે ત્યારે સુર્યની રોશની ફીકી પડે છે જેને આપણે સુર્યગ્રહણ તરીકે ઓળખીએ છીએ, પરંતુ જયોતીષ શાસ્ત્ર અનુસાર એવું જોવામાં આવે છે કે સુર્યગ્રહણનો સંબંધ રાહુ અને કેતુની યુતી સાથે છે. સાથે સાથે સુર્યની રાહુ સાથેની યુતી હોય તો ગ્રહણ દોષ બને છે, અને કેતુ સાથે યુતી હોય તો ગ્રહણ દોષ બને છે...!! સાથે સાથે અંધમાન્યતા મુજબ સર્યગ્રહણ સમયે મંત્ર જાપ કરવો જોઈએ. આ દરમીયાન પુજા-પાઠ કરવા નહીં. ગ્રહણ સમાપ્તી બાદ આખા ઘરની સફાઈ કરવી જોઈએ. ગ્રહણ પહેલાં ખાન-પાનની વસ્તુઓમાં તુલસીનાં પાન રાખવા જોઈએ. જેથી ગ્રહણનાં નકારાત્મક કીરણોની અસર થતી નથી. ગ્રહણ દરમીયાન ખાસ કરીને આહાર લેવો જોઈએ નહીં. એવું માનવામાં આવે છે કે સુર્યગ્રહણના સમયે સુર્યમાંથી કેટલાંક હાનીકારક કીરણો નીકળે છે. સુર્યગ્રહણના સમયે કોઈપણ ગર્ભવતી મહીલાઓએ

ઘરની બહાર ન નીકળવું જોઈએ. ઘરના જ ખુણામાં દર્ભ રાખવાથી ગ્રહણનો દોષ લાગતો નથી...અમુકતમુક વસ્તુઓનું દાન કરવું વગેરે...વગેરે...

ગ્રહણ એ એક કુદરતી ઘટના છે. કેટલીક પ્રાચીન અને આધુનીક સંસ્કૃતીઓમાં સુર્યગ્રહણ અલૌકીક કારણોને આભારી છે, અથવા ખરાબ શુકન તરીકે ગણવામાં આવે છે. જેમ કે ભારતમાં એવી અંધશ્રદ્ધા છે કે રાહુ અને કેતુ આ સમય દરમીયાન સુર્યનું ભક્ષણ કરતા હોય છે, અને સંપુર્ણ સુર્યગ્રહણ લોકો માટે ભયાનક બની શકે છે. સુર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ જેવી અજાયબ ખગોળીય ઘટનાઓને જોવાનો લ્હાવો દુનીયાભરના વૈજ્ઞાનીકો લે છે. તેનો અભ્યાસ કરે છે. જયારે આપણે ત્યાં ગ્રહણ વખતે ઘરની બહાર નીકળવા પર જ પ્રતીબંધ લગાવાય છે...!!

કોઈપણ દીવસે સુર્યને પ્રત્યક્ષ રીતે સીધો જોવાથી આંખને કાયમી નુકસાન થાય છે, અથવા અંધત્વ આવી શકે છે. સામાન્ય દીવસોમાં આપણે સુર્યને ધારીને જોતા હોતા નથી, પરંતુ સુર્યગ્રહણના દીવસે સુર્યને જોવાના કુતુહલને કારણે લોકોનો એ તરફ લગાવ હોય છે. તેથી આંખને નુકસાન થવાની ભરપુર સંભાવના  રહેલી હોય છે. હવે વીજ્ઞાનના વીકાસની સાથે ખાસ પ્રકારના ચશ્માથી કે અન્ય ઉપકરણોથી સુર્યગ્રહણની ઘટના જોઈ શકાય છે. આમ જોતી વખતે આંખની વીશેષ સુરક્ષા અથવા પરોક્ષ રીતે જોવા માટે તકનીકોનો ઉપયોગ કરવામાં આવે છે.  સુર્યગ્રહણ સમયે સુર્યમાંથી એવાં કોઈ ઝેરી કીરણો નીકળતાં નથી કે જે તમારા શરીરમાં કે તમારા ઘરમાં, માટલાના પાણીમાં કે ખોરાકમાં પ્રવેશીને હાની પહોંચાડે. આમ છતાં હજી પણ આપણે ત્યાં આ પ્રકારની અંધશ્રદ્ધા યથાવત્ છે. અરે...ગ્રહણ સમયે મંદીરો પણ બંધ કરવામાં આવે છે. ગ્રહણ પછી તેની સાફ સફાઈ કરી પછી તે ખોલવામાં આવે છે..!! હદ તો ત્યારે થાય છે કે, ગ્રહણ પછી ઘરના માટલાનું પાણી ઢોળી દઈ, ગ્રહણ બાદ ફરી નવું પાણી ભરવામાં આવે છે. વીચારો..નવું ભરાતું પાણી કોઈ ટાંકીમાં સંઘરેલું કે ખુલ્લી નદીમાંથી આવતું પાણી જ હોય છે ને ? ધારો કે કોઈ ઝેરી કીરણોની અસર થાય છે તો એ પાણીમાં પણ થવી જ જોઈએ ને ?  પણ વૈજ્ઞાનીક રીતે, તર્કબદ્ધ રીતે, કોણે વીચાર્યું છે ? ચાલી આવતી પરંપરા અંધ માન્યતાઓને કશું પણ વીચાર્યા વગર પોષ્યા કરવાનું સૌને ગમે છે. ગ્રહણની ઘટના ટુંક સમય માટે બને છે. પુરી થાય છે, પરંતુ આપણામાં લાગેલું વૈચારીક ગ્રહણ કયારે દુર થશે તે યક્ષ પ્રશ્ન છે.

# ન્યુટ્રોન તારાઓની અથડામણ

**-કીશોર પંડયા**

આજે પૃથ્વી ઉપર લોખંડ પછી અનેક ધાતુતત્ત્વો એવા છે કે જેનો માનવી પોતાના રોજીંદા વ્યવહારમાં ઉપયોગ કરી રહયો છે. સુર્યમાંથી આપણે અનેકગણી ઉર્જા મેળવીએ છીએ. જયારે સુર્યમાંથી ગ્રહો છુટા પડયા હશે ત્યારે જુદા જુદા ગ્રહો પર તત્ત્વો પણ બન્યાં હશે. પૃથ્વી પર ૯૨ કુદરતી તત્ત્વો મળી આવે છે. ત્યાર પછીનાં તત્ત્વો માનવીએ કૃત્રીમ રીતે બનાવ્યા છે. પૃથ્વી પર મળતાં કેટલાંક તત્ત્વોનું વીઘટન થઈને પણ અન્ય તત્ત્વો મળે છે.

હમણા જ ૧૬ ઓકટોબરે ગુરુત્વાકર્ષીય સંવેદક પર ન્યુટ્રોન તારાઓની અથડામણ થઈ હોવાનું નોંધાયું. આના પરીણામે અંતરીક્ષમાં અનેક ભારે ધાતુતત્ત્વો ફેંકાયા હોવાનું પણ જોવા મળ્યું. દુનીયાભરની સીત્તેર કરતાં પણ વધારે વેધશાળાઓએ આ ઘટના નીહાળી. તારાઓમાં કેન્દ્રીય પ્રક્રીયાઓ થતી હોય છે.

ખગોળશાસ્ત્રીઓને પહેલી વખત બે ન્યુટ્રોન તારકની અથડામણને પરીણામે ભારે ધાતુઓ છુટી પડી હોવાના સંકેત પ્રાપ્ત થયા છે. આમાં સ્ટ્રોંશીયમ જેવા તત્ત્વોનો પણ સમાવેશ થાય છે. પ્રકાશની તરંગલંબાઈમાં થયેલા ફેરફારને આધારે તથા વર્ણપટ્ટામાં જોવા મળેલી રેખાઓને આધારે આ બાબત નકકી થઈ છે. ન્યુટ્રોન તારકની અથડામણ દરમીયાન ફેલાયેલા પ્રકાશના શમન સાથે આ વાત નોંધી શકાઈ છે.

ન્યુટ્રોન તારક એ તારકની અંતીમ સ્થીતી ગણી શકાય. તેની અંદર ગુરુત્વબળને લીધે એટલું બધું ઘનત્વ હોય છે કે એક ચમચી ભરેલા દ્રવ્યનું વજન હજારો ટન જેટલું થતું હોય છે. સુર્યની સરખામણીમાં એનું વજન છ થી સાત ગણું થયેલું હોય છે. ત્યાર પછી એ તારકમાં ફળના ભારથી ઝાડ જમીનદોસ્ત થાય તેમ અતીગુરુત્વને લીધે મહાવીસ્ફોટ થવાથી એનો અંત આવે છે. અતી ઘનત્વને કારણે પરમાણુમાં રહેલા પ્રોટોન અને ઈલેકટ્રોન અતી દબાણ અને તાપમાનને લીધે ન્યુટ્રોનમાં ફેરવાય છે. આથી તારકને ન્યુટ્રોન તારક કહે છે. ન્યુટ્રોન તારાના વીસ્ફોટને કારણે મૃત્યુ થાય છે ત્યારે ઘણા પ્રકારનું દ્રવ્ય બહાર અંતરીક્ષમાં ફેંકાય છે. આને આપણે 'સુપરનોવા' તરીકે ઓળખીએ છીએ. ખગોળશાસ્ત્રીઓ માને છે કે મોટા તારક મહાવીસ્ફોટ કરે છે, પણ તેઓ શ્યામગર્ત (બ્લેક હોલ) બનાવી શકતા નથી.

એક રીતે જોઈએ તો તારાને 'ન્યુટ્રોન તારક' નામ અપાયું છે. વીશાળ તારાઓ જેની ઘનતા અત્યંત વધારે હોય છે એ પોતાનો કાર્યકાળ પુરો થતા જ તારા તરીકે અમાન્ય થઈ જતા હોય છે. તે શકતીપાત સાથે ધબી જતા હોય છે. આ વાત ડેનમાર્કના કોપનહેગન વીશ્વવીદ્યાલયમાં કાર્યરત ખગોળભૌતીકવીદ ડેરેક વોટસને ૨૩ ઓકટોબર, ૨૦૧૯ના 'નેચર' સામયીકમાં જણાવી છે.

વીજ્ઞાનીઓ એવું માને છે કે જયારે બે અતીઘનત્વ ધરાવતા પદાર્થો એટલે કે ન્યુટ્રોન તારાની અથડામણ થાય ત્યારે કેન્દ્રીય શૃંખલાપ્રક્રીયા શરુ થઈ જતી હશે. આ પ્રક્રીયામાં ન્યુટ્રોન બીજા તત્ત્વ સાથે જોડાઈને નવા તત્ત્વનું નીર્માણ કરે છે, અને બીજાં બે ત્રણ ન્યુટ્રોન પણ છુટા પડે છે, જે પછી અન્ય તત્ત્વ સાથે પ્રક્રીયા કરી ભારે અથવા હલકાં તત્ત્વો બનાવે છે. આના પરીણામે વીકીરણધર્મી ક્ષય થવા લાગે છે.  આ પ્રક્રીયાને પરીણામે લોખંડ કરતાં વધારે ભારે તત્ત્વો પણ બનતાં હોય છે. તાજેતરની અથડામણમાં સ્ટ્રોંશીયમ તત્ત્વ પારખી શકાયું છે.

ભોતીકશાસ્ત્રીઓએ ઘણા સમય પહેલા અનુમાન કર્યું હતું કે સોના-ચાંદી અને અન્ય ભારે ધાતુઓ પણ આ રીતે બનતી હોય છે, પરંતુ આ માટે કઈ પ્રક્રીયા કેવી રીતે શરુ થતી હશે એ નકકી થઈ શકતું નથી. ખરેખર તો અંતરીક્ષમાં થતી આવી પ્રક્રીયા અગાઉ કયારેય સીધી જોવા મળી નથી. આ તો ૨૦૧૭માં બે ન્યુટ્રોન તારા એકબીજા સાથે અથડાયા ત્યારે ખબર પડી. વીજ્ઞાનીઓએ તરત જ એ અંતરીક્ષમાં બનેલી ઘટનાઓ અંગે અવલોકનો લેવાનું શરુ કરી દીધું. મહાવીસ્ફોટના પ્રકાશનું પૃથકકરણ કરવાનું શરુ કરી દીધું. આના પરીણામે એમને અંતરીક્ષમાં અનેક ભારે તત્ત્વોની ખીચડી બની હોવાનું જાણવા મળ્યું.

આ રીતે અંતરીક્ષમાં ફેંકાયેલી ખીચડીમાં કયાં કયાં તત્ત્વો છે એ જાણવા માટે સંશોધકોએ એ તત્ત્વની પરમાણુ રચના જાણવા માટે લાખોની સંખ્યામાં વર્ણપટ્ટનો અભ્યાસ કર્યો. આમ છતાં હજી એ ખીચડીમાં રહેલા દરેક તત્ત્વ વીશે જાણી શકાયું નથી. વીજ્ઞાનીઓના પ્રયત્નો ચાલુ છે. કેટલાંક ભારે તત્ત્વો ઓળખી શકાયા છે. એ ભારે તત્ત્વોમાં અન્ય ભારે તત્ત્વો કરતાં પ્રમાણમાં હળવા સ્ટ્રોંશીયમની હાજરી હોવાની પાકી ભાળ મળી છે. ચીલીમાં ગોઠવાયેલા વીશાળ દુરબીનની મદદથી ન્યુટ્રોન તારાની અથડામણ પછી થોડા દીવસોમાં જ અંતરીક્ષની એ ઘટનાની પ્રકાશીય માહીતી  એકઠી કરવામાં આવી હતી. એ માહીતીનું ઝીણવટભર્યું નીરીક્ષણ થઈ રહયું છે.

આપણે આ વાત તો જાણીએ છીએ કે સુર્યમાં હાઈડ્રોજનનું હીલીયમમાં રુપાંતર થાય છે. આ પ્રકારની કેન્દ્રીય પ્રક્રીયાને પરીણામે અમાપ ઉર્જા બહાર ફેંકાય છે. હવે એ વાત નકકી થઈ શકી છે કે તારાના વીસ્ફોટ દરમીયાન કે તેના ખંડીત થવા સાથે આ પરમાણુના કેન્દ્રમાં થતી ન્યુટ્રોન પ્રહારની પ્રક્રીયાઓને કારણે ભારે તત્ત્વોનું પણ નીર્માણ થયું હશે.

અંતરીક્ષ ખાલી નથી. તારાઓ અને ગ્રહો વચ્ચે પણ અનેક પ્રકારના સરળ તથા જટીલ પદાર્થોની હાજરી જોવા મળે છે. કયાંક એ ઉર્જા સ્વરુપે તો કયાંક નકકર સ્વરુપે હોય છે. અંતરીક્ષ અને તેમાં વીહરતા પીંડો અનેક પ્રકારનાં રહસ્યો પોતાનામાં સમાવીને બેઠા છે. અંતરીક્ષમાં બનતી જુદી જુદી ઘટનાઓને નીહાળી તેનું વીશ્લેષણ કરીને માનવી તેનો તાગ મેળવવાનો પ્રયત્ન કરી રહયો છે. (‘વીશ્વવીહાર’ના ડીસેમ્બર ’૧૯ના અંકમાંથી સાભાર)

# પૃથ્વી વીશે

આપણી પૃથ્વીનું વજન ૫,૯૭૨ અબજ અબજ ટન છે. પૃથ્વી પર રોજ બહારથી પડતા પદાર્થોનું વજન (સરેરાશ) ૪૩ ટન છે. ગુરુત્વાકર્ષણ હોવા છતાં અને હવા, વગેરેના પરપોટામાં ઢંકાયેલી હોવા છતાં, પૃથ્વી પરથી હલકા વાયુઓ જેવા કે હાઈડ્રોજન, હેલીયમ અને ઓકસીજન છટકી જાય છે. આ છટકતા વાયુનું રોજનું સરેરાશ વજન આશરે પાંચસો ટન છે. આમ પૃથ્વી પરથી રોજ આશરે ચારસો પચાસ ટન વજન ઓછું થાય છે ! પૃથ્વી પર અત્યારે ગુરુત્વાકર્ષણનું જે બળ છે તેના આધારે આ વજન ગણાય છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળ કરતાં ચંદ્રનું છઠ્ઠા ભાગનું છે. આથી આ જ પદાર્થોનું વજન ચંદ્ર પર આશરે એક હજાર અબજ અબજ ટન થાય. ધ્યાનમાં રાખવું કે પૃથ્વી પરના પદાર્થોનું ચંદ્રના ગુરુત્વાકર્ષણના પાયે આ ગણતરી છે. ચંદ્ર તો પૃથ્વી કરતા ચારસોમાં ભાગનો છે. આથી ચંદ્રનું પોતાનું પોતાના ગુરુત્વાકર્ષણના બળના પાયે ઘણું ઓછું વજન હોય તે સમજી શકાય તેમ છે.

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે.**

# સચરાચરમાં અબજો પૃથ્વીઓ ઘુમે છે !

આપણી પૃથ્વી સુર્યનો એક ગ્રહ છે. સુર્યથી એનું ચોકકસ અંતર, એનું ધરી પર નમવું, ધરી પરની એની ચોકકસ ગતી અને સુર્યની આજુબાજુ ફરવાની એની ચોકકસ કક્ષા અને ગતીએ ભેગા થઈને પૃથ્વી પરની જીવસૃષ્ટીને પેદા કરી છે. વીસમી સદીના અંત સુધી જેટલી ખગોળવીષયક શોધ થઈ તે એક જ વાત સુચવતી હતી કે પૃથ્વીની પરીસ્થીતી અદ્વીતીય છે. આથી એના પર જ જીવસૃષ્ટી છે. અન્યત્ર કશે આવી જીવસૃષ્ટી દેખાતી નથી.

વીજ્ઞાનની એક લાક્ષણીકતા એવી છે કે ચોકકસ સમયે જે તારણ આવે તેને છેલ્લા તારણ તરીકે એ સ્વીકારતું નથી. વીજ્ઞાન અને ધર્મ વચ્ચે ખોટી સરખામણી થાય છે. એ બન્ને વચ્ચે ઉત્તર-દક્ષીણ ધ્રુવ જેટલું અંતર છે. ધર્મ માને છે કે એના ગ્રંથોમાં હજારો વર્ષ પુર્વે જે કહેવાયું છે તે છેવટનું છે. વીજ્ઞાન તેનાથી તદ્દ્ન ઉલટુ સ્વીકારે છે. એના આજનાં તારણો કાલે ફેરફારને આધીન છે. એટલું જ નહીં એ ખોટાં પણ પુરવાર થાય ! પૃથ્વી જેવા ગ્રહની શોધમાં પણ એવું બન્યું. સૌથી પહેલા તો એ શોધવાનું રહયું કે અન્યત્ર પૃથ્વી જેવા ગ્રહો છે કે કેમ. આ માટે કેપ્લર નામનો અવકાશી ટેલીસ્કોપ અવકાશમાં ઈ. સ. ૨૦૦૯ માં તરતો મુકાયો. ૨૦૧૮ સુધી એણે સતત શોધ ચલાવી. એ શોધના અંતે આપણને જાણવા મળ્યું કે સુર્યમંડળની બહાર અને આપણી દુધગંગા નીહારીકામાં સેંકડો ગ્રહો છે. ૨૦૧૮ પછી ખગોળશાસ્ત્રીઓએ આ સંશોધન ચાલુ રાખ્યા. પરીણામે આજે એ જાણવા મળ્યું છે કે માત્ર નીહારીકામાં જ અબજો પૃથ્વીઓ છે !

હવે જરા સંભવીતતાના સીદ્ધાંતને સમજીએ. તમે સીકકો ઉછાળો તે પહેલા તમને કોઈ પૂછે છે કે શું દેખાશે : છાપ કે કાંટો ? તમે કહેશો કે દરેકના દેખાવાની સંભવીતતા પચાસ-પચાસ ટકા છે. એજ પ્રમાણે પૃથ્વીની જે વીશીષ્ટ પરીસ્થીતી છે કે જેથી તેના પર જીવસૃષ્ટી પેદા થઈ છે તેવી વીશીષ્ટ પરીસ્થીતી સંભવીતતાના સીદ્ધાંત અબજો પૃથ્વીઓમાં ઓછામાં ઓછી ચાર-પાંચ પૃથ્વીઓની તો નીકળી આવે. એનો અર્થ એ કે ત્યાં કોઈને કોઈ પ્રકારની જીવસૃષ્ટી હોઈ શકે. આ સંભવીતતા પેદા થઈ છે એ પોતે જ ૨૦૧૯ની એક બહુ મોટી શોધ છે. સીદ્ધી છે. જો આ સંભવીતતા આવતીકાલે શકયતા બનશે તો તો આપણને આપણા નવા ભાઈભાંડુ મળી આવશે.

# ટકી જવું હોય તો અનકુલન કરો

–મોહનભાઈ પટેલ – ૯૭૨૭૮ ૧૮૩૯૧

ડાર્વીને પોતાના વીચારો અંગ્રેજીમાં વ્યકત કરેલા. એક વીચારને એણે સુત્રાત્મક ભાષામાં વ્યકત કરેલા. Survival of Fittest. લાંબાસમય સુધી ભારતમાં Fittest નો અર્થ 'મોટો જીવ' અથવા તો 'બળીયો' કરવામાં આવેલો. જુદાં જુદાં ક્ષેત્રોના વીદ્વાનો ડાર્વીનને ટાંકીને કહેતા : 'મોટો જીવ, નાના જીવને ખાઈને જીવે છે.' આ એક બહુ મોટી ગેરસમજ હતી. ડાર્વીન જેવા વૈજ્ઞાનીકોની વાતો સમજવા માટે જેઓ વાંચવા-સમજવાને સક્ષમ છે એમણે એવા વૈજ્ઞાનીકોની મુળ ભાષામાં લખાયેલા મુળ લખાણને વાંચવું અનીવાર્ય થઈ પડયું છે. આવા સક્ષમ લોકોએ ડાર્વીનના મુળ લખાણને વાંચ્યું, અને સમજયા ત્યારે Fittest નો અર્થ 'મોટો જીવ' નહીં, પરંતુ 'સૌથી વધારે અનુકુલીત જીવ' થાય તે સમજાયું. જો મોટો જીવ નાના જીવને ખાઈને જીવતો હોય તો પૃથ્વી પર મોટા જીવ જ રહે. વાસ્તવમાં મહાકાય ડીનોસોર નાશ પામ્યા છે, અને કીડી આપણી વચ્ચે છે.

અનુકુલન એટલે બાહય પરીબળો સાથેનું અનુકુલન. આ અનુકુલન જીવો સભાનપણે અને બુદ્ધી વાપરીને કરતા નથી, પરંતુ પેઢી દર પેઢી જે વીવીધ પ્રજાતીઓ છે તેમના શરીરનાં જે આંતર-બાહય લક્ષણો છે તે બાહય પરીબળો સાથેના સંસર્ગ પ્રસંગે ખૂબ લાંબા ગાળે આપોઆપ ફેરવાય છે. આ 'આપોઆપતા' બધી જ પ્રજાતીઓમાં થતી નથી. જેનામાં 'આપોઆપતા' નથી તે પ્રજાતીઓ લાંબા સમયે નષ્ટ થાય છે. આ પ્રજાતીઓ Fittest નહોતી. જે પ્રજાતીઓ આપોઆપ પરીવર્તન અપનાવતી ગઈ તે ફીટ રહી.

મોટા ભાગની પ્રજાતીઓ માંસાહારી અને શીકારી છે. કેટલીક પ્રજાતીઓ શાકાહારી છે. બીજી બાજુ બધી જ પ્રજાતીઓ કોઈને કોઈ પ્રજાતીની શીકાર બની શકે છે. વાઘ જેવો વાઘ પણ જો અજગરના ભરડામાં ફસાઈ જાય તો તે શીકાર બની જાય છે. આ પરીસ્થીતીનું તાર્કીક પરીણામ એ આવે કે શીકારી પ્રજાતી શીકાર થતી પ્રજાતી સુધી પહોંચી શકે તેવું તેનું શરીર હોવું જોઈએ. એ જ પ્રમાણે શીકાર થતી પ્રજાતીનું શરીર એવું હોવું જોઈએ કે તે શીકારી પ્રાણીઓથી બચી શકે. શરીરના બધા અંગ-ઉપાંગોમાંથી અત્રે આ બન્ને શીકારી અને શીકાર-પ્રાણીઓની ચામડીના રંગને તપાસીએ તો ડાર્વીનનું Fittest પણ સમજાશે અને પ્રજાતીઓના ટકી જવા માટેના સંઘર્ષ પણ સમજાશે.

જે સ્થળે પ્રાણીઓનો વસવાટ હોય તે સ્થળની જમીન અને વનસ્પતીના રંગને અનુરુપ પ્રાણીઓની ચામડીના રંગ હોય છે. વાઘ જંગલોમાં હોય છે. એની ચામડીના કાળા-પીળા પટા વૃક્ષો અને જમીનની સાથે ભળી જાય છે. આથી એ શીકારની ખુબ નજીક આવે તો પણ શીકારને તેની ખબર  નથી પડતી. ઓરીક્ષ (oryx)-રણના ગધેડાની ચામડી ભુખરી હોય છે, કારણ કે રેતીનો રંગ એવો હોય છે. જંગલમાં રહેતા વીંછીનો રંગ રેતી સાથે એટલો ભળી જાય છે કે તેની પાસેથી શીકારી શીયાળ પસાર થઈ જાય તો પણ તે નજરે પડતું નથી. રણમાં જમીન પર આવ્યા પછી પ્રાણીઓ કશે સંતાઈ શકતા નથી. આથી પ્રાણીઓની ચામડીના રંગ રેતીના રંગને આબેહુબ હોય છે. જંગલમાંના મોટા ભાગના દેડકાઓની ચામડી લીલા રંગની હોય છે કે જેથી તે વૃક્ષો અને લીલા પાંદડાંની વચ્ચે સહેલાઈથી સંતાઈ શકે. દરીયાનું ઉંડું પાણી ભુરાશવાળું હોય છે આથી ઘણી શાર્ક માછલી ભુરા રંગની હોય છે. એ શીકારની ખુબ પાસે સહેલાઈથી જઈ શકે છે.  શીકાર થતા કેટલાંક પ્રાણીઓ કાળા-સફેદ સીવાયના રંગો પારખી શકતા નથી. તેઓ રંગાધળાં હોય છે. આથી એમનો શીકાર કરતા ચીત્તા જેવા પ્રાણીઓ એમને વૃક્ષોનાં પાંદડાંના આકારના કાળા ટપકાંવાળા દેખાય છે. આથી આવા પ્રાણીઓની નજીક જવાનું શીકારી પ્રાણીઓ માટે સહેલું બને છે.

આવા થોડાંક ઉદાહરણો સમજ આપે છે કે પ્રજાતીઓએ ટકવું હોય તો બાહય પરીબળો સાથે અનુકુલન કરવું પડે. ટકવા માટે ઈશ્વર, ખુદા, ગોડ જેવા અવાસ્તવીક અપાર્થીવ તત્ત્વના આશીર્વાદની જરુર નથી. જરુર છે બાહય પરીબળો સાથે અનુકુલન સાધવાની. અનુકુલન થવાની પ્રક્રીયા સદીઓ નહીં, હજારો વર્ષ માંગી લે છે. એ ખુબ ધીમી પ્રક્રીયા છે. આ પ્રક્રીયા દરમીયાન જો એ પ્રજાતી પર કુદરતનો કે શીકારી પ્રાણીઓનો એકી સાથે હલ્લો આવે તો એવી પ્રજાતી કયાં તો અનુકુલન જ કરી શકી નહીં, અથવા અનુકુલન સંપુર્ણ થાય તે પહેલા ફસાઈ ગઈ અને નષ્ટ પામી. પ્રજાતીઓ ટકી જવામાં આમ ભુલો અને સુધરો (Trial and Error) જેવું પરીબળ કામ કરતું દેખાય છે.

**-મોહનભાઈ પટેલ**
**મો.-૯૭૨૭૮ ૧૮૩૯૧**

---

હું સુખી છું - તેનુ કારણ એ છે કે,
મારે કોઈની પાસેથી કશું જોઈતું નથી.
સત્ય એ પણ સાપેક્ષ હોઈ શકે.
-Albert Eistine

# કારણ કે આજે ગાંધીજી હાજરાહજુર જ છે

**એન. વી. ચાવડા**

આપણા દેશના મોટા ભાગના બુદ્ધીજીવી વીદ્વાનો, લેખકો, કવીઓ, ચીંતકો અને પ્રવચનકારો આજે કહી રહયા છે કે 'ગાંધી આજે પ્રાસંગીક છે.' 'ગાંધી આજે પ્રસ્તુત છે.' 'ગાંધી આજે આવશ્યક છે.' વગેરે...વગેરે.. વીવીધ વીદ્વાનોના આ અને અન્ય આવા વીધાનો શકવર્તી અને છેતરપીંડીયુકત છે કારણ કે ગાંધીજી આજે હાજરાહજુર છે જ. અર્થાત્ આજની વરવી વાસ્તવીકતા એ છે કે દેશમાં આઝાદી પછી ગાંધીજીની વીચારધારા વાસ્તવમાં મુખ્યત્વે ત્રણ ધારામાં (૧) વર્ણવ્યવસ્થા (૨) ઈશ્વરવાદ અને (૩) ટ્રસ્ટીશીપના સીદ્ધાંતના સ્વરુપે તમામ ક્ષેત્રોમાં ખુબ જ અસરકારક રીતે હાજરાહજુર છે.

સર્વવીદીત બાબત એ છે કે ગાંધીજી વર્ણવ્યવસ્થાના અતીચુસ્ત હીમાયતી હતા. તેમણે વર્ણાશ્રમને હીંદુધર્મના પાયા તરીકે બીરદાવવા ઉપરાંત તેને હીંદુ ધર્મે વીશ્વને આપેલી અણમોલ ભેટ તરીકે પણ નવાજતા હતા. તેમણે 'વર્ણવ્યવસ્થા' નામનું પુસ્તક લખીને તેના અવૈજ્ઞાનીક અને અમાનુષી ખ્યાલોને પણ બીરદાવ્યા હતા. આજે ભારતમાં વર્ણવ્યવસ્થા કયાં નથી ?

ગાંધીજી ઈશ્વરમાં અખુટ વીશ્વાસ ધરાવતા હતા. તેમણે પોતાના ઘણાં આંદોલનો અને ઉપવાસોને પોતા દ્વારા નહીં, પરંતુ ઈશ્વર દ્વારા પ્રેરીત દર્શાવ્યા હતા. એટલું જ નહીં પરંતુ તેમણે પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં ત્યાં સુધી લખ્યું છે કે પોતે જે કંઈ લખી રહયા છે તે ઈશ્વર જેમ લખાવે છે તેમ લખી રહ્યા છે. ગાંધીજીનો આ પ્રકારનો ઈશ્વરવાદ દેશની પ્રજામાં આજે કયાં પ્રવર્તમાન નથી ?

ગાંધીજીએ કહયું હતું કે દેશના ધનવાનો પોતાના દાનને 'ગરીબોનું ટ્રસ્ટ' સમજે, જેને ટ્રસ્ટીશીપનો સીદ્ધાંત કહેવામાં આવે છે. આ સીદ્ધાંત દ્વારા ગાંધીજીએ દેશના સમગ્ર અર્થતંત્રને ધનવાનોના હાથમાં રાખવાનું સુચન કર્યું હતું. અર્થાત્ ગાંધીજી આધુનીક વૈજ્ઞાનીક અને લોકશાહી ઢબના અર્થતંત્રના વીરોધી હતા. આઝાદી પછી ગાંધીજીના અર્થતંત્રનો જ અમલ થયો હોવાથી દેશનાં ધર્મસ્થાનો, મંદીરો અને આશ્રમો અઢળક ધનથી ઉભરાય છે. આથી જ તો ઉચ્ચ વર્ણના ૧% ધનવાનોએ દેશની ૫૬% સંપત્તી અને ૧૦% ધનવાનોએ ૯૦% સંપત્તી હડપ કરી લીધી છે.

## પ્રમોદચંદ્ર પાઠકજી નીબંધ સ્પર્ધા (૨૦૧૯)

**આશ્વાસન પારીતોષીક વીજેતા કૃતીઓ (ટુંકમાં)      નીર્ણાયક : ડો. બી. એ. પરીખ**

**૧. ભાજીખાઉ પ્રીયલ નૈલેશકુમાર      શેઠ પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીર**

**૧. મહીલાઓમાં વધતી જતી અંધશ્રદ્ધા**

મહીલાઓની અંધશ્રદ્ધાનાં ઉદાહરણો આપતા ભાજીખાઉએ રુતુચક્ર દરમીયાન પોતે જ અપવીત્ર હોવાનું માનતી મહીલાઓ, ચાર રસ્તે 'ચલ' બોલતા ખરાબ શકતીઓનો પોતાનામાં પ્રવેશ થવાનું માનતી  મહીલાઓ, માત્ર અગીયાર મહીનાના માસુમ બાળકને બીમારીમાંથી મુકત કરવા સગી જનેતા તરફથી અપાયેલા ડા'મ અને મોડર્ન ઢોંગી બાવાઓની જાળમાં વધારે ને વધારે ફસાતી મહીલાઓમાં વધતી જતી અંધશ્રદ્ધાનો આબેહુબ ચીતાર આપ્યો છે.

**૨. પટેલ દીવા જીતેન્દ્રકુમાર      શેઠ પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીર**

**મહીલાઓમાં વધતી જતી અંધશ્રદ્ધા :**

અંધશ્રદ્ધાની પટેલે વ્યાખ્યા આપી છે કે 'સમજયા વગર કશું સ્વીકારવાની, કે નહીં સ્વીકારવાની કૃતી. - 'કોઈપણ તત્ત્વને સમજવા માટે અંધશ્રદ્ધાળુઓ મગજને તસ્દી આપતા નથી. આ બાબતમાં મહીલાઓનું પ્રમાણ વધારે થતું જાય છે. પોતાની સખીનો રમુજી દાખલો  આપતા દીવા જણાવે છે કે તે એવી અંધશ્રદ્ધાનો ભોગ બની હતી કે લાલાના દર્શન કરતા જો સ્વેટર પહેરીએ કે શાલ ઓઢીએ તો લાલાને ગરમી લાગે ! મહીલાઓની વધતી અંધશ્રદ્ધા એમના વધારે શોષણનું એક કારણ બને છે એવું પણ દીવા જણાવે છે. આથી છેવટે દીવા જણાવે છે કે જેમ સતીના અમાનુષી રીવાજને નાબુદ કરવાના પ્રયત્નો થયા તે જ પ્રમાણે સમગ્રપણે અને તેમાંયે મહીલાઓની અંધશ્રદ્ધાને નાબુદ કરવા સખત પ્રયત્નો થવા જોઈએ. (સત્યશોધક સભા આ જ કામ કરે છે. દીવાને તેમાં જોડાવા આમંત્રણ-સુ.)

**૩. પટેલ તેજલ રમેશભાઈ      કે. એસ. કે. પી. ઉત્તર ગુજરાત શાળા**

**ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા**

રોજીંદા જીવનની યંત્રવત્ ઘટમાળમાંથી થોડા તાજા થવા માટે ઉત્સવોની જરુરતને

તેજલ સ્વીકારે છે. આ અને આવી અન્ય ઉપકારી જરુરતને ભુલીને તહેવારોમાંથી સાત્વીકતા દુર થતી જાય છે. શ્રાવણ માસમાં શીવજીને દુધ ચઢાવવાથી માત્ર વ્યય થાય છે, પ્રગટેલી હોળીમાં અનાજ-શ્રીફળ નાંખવાનો વ્યય, કે કાળી ચૌદસે થતા વ્યય પરત્વે તેજલે ધ્યાન ખેંચીને ઉત્સવોથી પોષાતી અંધશ્રદ્ધા તરફ લાલબત્તી ધરી છે.

**૪. ગાંધી ચાંદની નીલેશકુમાર શ્રીમતી એલ. એન. બી. દાળીયા હાઈસ્કુલ**

**ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા**

ઉત્સવોની ઉજવણીથી લોકો વચ્ચેનો ભાઈચારો વધે છે તેથી તે આવકાર્ય હોવાનું ચાંદની જણાવે છે. અંધશ્રદ્ધા માટે પોતાની સંકલ્પના આપતા ચાંદની જણાવે છે કે, ‘પરંપરાઓ અને માન્યતાઓનું આંધળું અનુકરણ’ ઉત્સવોની ઉજવણી’માં ઘણીવાર આવું આંધળુ અનુકરણ થતું હોવાનું ચાંદની જણાવે છે. તામીલનાડુમાં ઉજવાતા ‘થૈવુસમ્’ તહેવારની ઉજવણીમાં વ્યકતીઓના શરીરમાંથી ભાલા અને હુક પસાર કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં બાબા ઉમેર દરબાર અને કર્ણાટકમાં સંતતેશ્વર મંદીરમાં નાના બાળકોને ૫૦ ફુટ જેટલી ઉંચાઈએથી ફેંકવામાં આવે છે. આવા દેશભરમાં ઉજવાતા ઉત્સવોમાં સમાવીષ્ટ અંધશ્રદ્ધાને કારણે ઘણી ઉજવણીઓનો કરુણાંત આવે છે. આમ છતાં લોકો તેની ઉજવણી કરે છે કારણ કે અંધશ્રદ્ધા પ્રચુર ઉજવણી કરવાથી એમને કોઈને કોઈ લાભ મળશે એવું એક પ્રાચીન ધર્મના આગેવાનો તરફથી કહેવામાં આવે છે.

**૫. મોદી માનસી રાજેન્દ્રકુમાર સંસ્કાર ભારતી વીદ્યાલય**

**ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા**

માનસી અંધશ્રદ્ધા માટે પોતાનો અભીપ્રાય આપે છે કે ‘અંધશ્રદ્ધા એટલે ગાંડો વીશ્વાસ !’ આ અંગેનાં કેટલાંક ઉદાહરણો આપતા માનસી જણાવે છે કે દીવાસાએ દૈવીપુજક સમાજના લોકો મૃતકની કબરની પુજા કરે છે, અને રુદન કરે છે. એમની માન્યતા છે કે તેમ કરવાથી પુર્વજોને શાંતી મળે છે. સ્વચ્છતામાં પ્રભુતાની વાત ભલે થતી હોય, પણ દેવસ્થાનો અને પ્રભુની આસપાસ જ વધારે ગંદકી હોવાનું માનસી જણાવે છે. એ જ પ્રમાણે નદીને પવીત્ર માનનારાઓ જ નદીને વધારે પ્રદુષીત કરે છે. (કદાચ પ્રદુષણ અને

પવીત્રતા અલગ હોવાનું અંધશ્રદ્ધાળુઓ માનતા હશે ! -સુ) બકરી ઈદે બકરાઓનો ચઢાવાતો બલી અંધશ્રદ્ધાનું ઉત્તમ ઉદાહરણ હોવાનું માનસી જણાવે છે.

**૬. ઘાડીયા જેનીષ રાજેષભાઈ એલ.પી.સવાણી વીદ્યાનીકેતન**

**મહીલાઓમાં અંધવીશ્વાસ**

અંધવીશ્વાસ અંગે પોતાનો મત દર્શાવતા જેનીષ જણાવે છે કે, 'કોઈના પર બંધ આંખો રાખીને જે વીશ્વાસ કરવામાં આવે છે તે ! 'અંધવીશ્વાસ ફેલાવવા માટે જેનીષ સાધુઓ, પંડીતો, ઢોંગી બાવાઓ અને પાખંડીઓને જવાબદાર ઠેરવે છે. ઉપરાંત ટેલીવીઝન પર આવતા કાર્યક્રમો, સોસીયલ મીડીયા અને વાસ્તુપજન વગેરેમાં ધંધો કરનારાઓને જવાબદાર ઠેરવે છે. આ બધાંની વાતો સાચી માનવાની માણસની વૃત્તીને પણ તે જવાબદાર ઠેરવે છે. આ પ્રકારની વૃત્તી મહીલાઓમાં વધારે દેખાય છે.

**૭. શ્યાસ હીતાક્ષી ભરતભાઈ સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ**

**ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા**

ખાસ કરીને તહેવારો ઉજવવાથી પ્રકૃતીની માહીતી પ્રાપ્ત થાય છે એવું હીતાક્ષી જણાવે છે. એના તરફથી વીવીધ તહેવારોની યાદી આપવામાં આવી છે.

જન્માષ્ટમીની ઉજવણી દરમીયાન ફુટેલી હાંડીનો ટુકડો ઘરે લઈ જનારાની અંધશ્રદ્ધા હોય છે કે એમ કરવાથી એને ત્યાં લક્ષ્મી પધારશે.

**૮. ગામીત અશ્વીની મુકેશભાઈ નવનીર્માણ હાઈસ્કુલ**

**ઉત્સવોની ઉજવણી અને અંધશ્રદ્ધા**

કેટલાક ઉત્સવોની ઉજવણીથી પોષાતી અંધશ્રદ્ધાના ઉદાહરણો અશ્વીનીએ આપ્યા છે. તેમાંનું એક ઉદાહરણ રાંધણ છઠ અને શીતળા સાતમનું છે. સાતમે છઠનું રાંધેલું વાસી ખાવાના તરફ એણે લાલબત્તી ધરી છે. શુભ પ્રસંગે બારણે લટકાવાતા લીંબુ-મરચા પણ અંધશ્રદ્ધાનું ઉદાહરણ હોવાનું અશ્વીની જણાવે છે. પીરીયડમાં આવતી મહીલાને ઉજવણીમાં બાકાત રાખવામાં પણ અંધશ્રદ્ધા જ છે.

---

-મોહનભાઈ પટેલ

મો.-૯૭૨૭૮ ૧૮૩૯૧

'સુખ માટે દોડવા અને રડવા કરતાં,

બીજાની પીડા જોઈએ તો આપણું દુઃખ નાનુ લાગશે.

–વુડ હાઉસ

**મહાત્મા ગાંધી સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ એન્ડ સોશીયલ ચેન્જ કીમ દ્વારા પ્રકાશીત**

# 'ચાલો જાણીએ આપણું ભવીષ્ય બંધારણમાં'

**લેખક : અશ્વીનકુમાર ન. કારીઆ**

આમુખ શરુઆતમાં 'અમે ભારતના લોકો' (We, the people of India) નો અર્થ સમજી લઈએ... ભારતના લોકોએ આ બંધારણ લોકોને જે અધીકારો પ્રદાન કરાયા છે તે રાજયે ઉદાર બનીને પ્રદાન કરેલ નથી કે ઈશ્વરે કૃપાળું બનીને આ અધીકારો પ્રદાન કર્યા નથી. આ અધીકારો ભારતીય લોકોના એકમેકના અધીકારો તરફનું સન્માન છે. દરેક માનવને મળવા જોઈતા તેના આ કુદરતી (natural) કે નૈસર્ગિક અધીકારો છે...

આમુખ (Preamble) માં સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વની વાત કરવામાં આવી છે. આ ત્રણે બાબતો એકબીજા સાથે અભીન્ન રીતે જોડાયેલી છે... તમામ કોમો લગ્ન વીચ્છેદ (છુટાછેડા), ભરણપોષણ, દત્તકવીધાન અને વારસાધીકારની બાબતોમાં, પોતપોતાના ધર્મ આધારીત કાયદાઓને અનુસરે છે. વર્તમાનમાં આવા કાયદાઓ, દરેક કોમની સ્ત્રીઓને વધતા ઓછા અંશે અન્યાય કરનારા રહયા છે... દરેક કોમ એમ માને છે કે પોતાના આ અંગત કાયદાઓ પોતાના ભગવાન તરફથી ભેટ મળેલ છે... હીન્દુ લગ્ન ધારો, ૧૯૫૫, હીન્દુ વારસા ધારો, ૧૯૫૬, હીન્દુ દત્તક વીધાન અને ભરણપોષણ ધારો, ૧૯૫૬ અને હીન્દુ વાલી અને પાલ્ય ધરો, ૧૯૫૬ પસાર કરાવતાં નહેરૂ સરકારને નાકે દમ આવી ગયો હતો. કારણ કે ભારતના રાષ્ટ્રપતી ડૉ. રાજેન્દ્રપ્રસાદ સહીત હીન્દુ સનાતનવાદીઓએ, મનુ ભગવાન તરફથી ભેટ મળેલ કાયદાઓમાં ફેરફાર કરવા સામે ઉગ્ર વીરોધ કર્યો હતો.

સમાન નાગરીક ધારાનો સૌથી વીશેષ વીરોધ મુસ્લીમ નેતાઓ કરી રહયા છે. તેમના કહેવા મુજબ ભારતીય મુસ્લીમ સદીઓથી સરીયત કાયદાઓને અનુસરતા આવ્યા છે. આમ સરીયત કાયદો દૈવી હોવાથી કોઈ પણ સંસદ કે ધારાસભાને તેમાં ફેરફાર કરવાનો અધીકાર નથી. તમામ પરીસ્થીતીઓમાં અને તમામ કાળ માટે તે શ્રેષ્ઠ જ છે.

બંધારણ મુસદ્દામાં જયારે સમાન નાગરીક-ધારાની જોગવાઈ ઘડવામાં આવી છે ત્યારે બંધારણ સભાના મુસ્લીમ સભ્યોએ સખત વીરોધ કર્યો હતો. બંધારણ સભાના એક સભ્ય કનૈયાલાલ મુનશીએ જવાબ આપતા જણાવેલ કે તુર્કી અને ઈજીપ્તમાં સમાન નાગરીક

ધારો ઘડી શકાયો છે. તેમણે કહ્યું, યુરોપના કોઈ પણ દેશમાં જઈએ તો તે દેશના કાયદાઓ જ લાગુ પડે છે. કોઈ દેશમાં ધાર્મીક કાનુન પર આધારીત કોઈ જાતીનો અલગ અંગત કાનુન અસ્તીત્વમાં હોતો નથી. તેમની એક દલીલ એવી પણ હતી કે ધર્મનીરપેક્ષ રાષ્ટ્રમાં સમાન નાગરીક ધારો હોવો જ જોઈએ. બંધારણ સભાના અન્ય સભ્યો મીનુ મસાણી, રાજકુમારી અમૃત કૌર અને ડો. હંસા મહેતાએ બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ધર્મ આધારીત કાયદાઓને કારણે જ દેશ પછાત રહયો છે, આમ બંધારણ સભામાં મુસ્લીમ સભ્યોના વીરોધ વચ્ચે પણ આ જોગવાઈ અનુચ્છેદ ૪૪ માં જાળવી રખાયેલ છે, પરંતુ આ જોગવાઈ રાજ્યનીતીના માર્ગદર્શક સીદ્ધાંતોમાં હોવાથી સમાન નાગરીક ધારો ઘડવાની રાજ્યને ફરજ પાડી શકાતી નથી...

અસંખ્ય નાના-મોટા કાયદાઓ તમામ નાગરીકોને એકસરખી રીતે જ લાગુ પડે છે. જે તફાવત છે તે સમગ્ર કાયદાના એક સાવ નાના અંશ જેવી કૌટુંબીક બાબતોને લગતા કાયદાના નીયમોમાં છે. આમાં લગ્ન વીચ્છેદ, ભરણપોષણ, વારસાધીકાર, દત્તક વીધાન, વાલીપણું, બાળકોનો કબજો વગેરે જેવી વૈયકતીક અને કૌટુંબીક બાબતૌનો સમાવેશ થાય છે. આજે આ તમામ બાબતો સંબંધમાં હીંદુ, મુસ્લીમ, ખ્રીસ્તી, પારસી, યહુદી વગેરે કોમોના જુદા જુદા કાયદાઓ અને રીવાજો પ્રવર્તમાન છે. આ બાબતો એક જમાનામાં જે તે કોમના ધર્મ સાથે ગાઢ રીતે વણાઈ ગયેલ હોવાથી તેમના ધર્મગ્રંથોના આધારે આ તમામ વ્યવહારો ગોઠવાયેલા છે.

આ નીયમ અસંગત અને અસમાન તેમ જ અન્યાયકારી કહેવાય. તેજ રીતે હીંદુ કાયદા પ્રમાણે લગ્ન વીચ્છેદ (divorce) અદાલતના હુકમનામાથી અથવા રીવાજ અનુસાર થઈ શકે. જયારે મુસ્લીમ કાયદા અનુસાર પતી મૌખીક રીતે પત્નીને છુટાછેડા આપી શકે છે. થોડો સમય અગાઉ સર્વોચ્ચ અદાલતે મુસ્લીમ કાયદા હેઠળ ત્રીપલ તલાક પ્રથા વ્યર્થ (void) ઠરાવેલ છે. મુસ્લીમ કાયદામાં પત્નીને પતીની જેમ મૌખીક તલાક આપવાની છુટ નથી. (હવે ત્રીતલાકને ગેરકાયદેસર ઠેરવતો કાયદો થયો છે. -સુ.)...

આપણા દેશમાં બંધારણથી ‘કાયદાનું શાસન’ (rule of law) સ્થાપીત કરાયું છે. અંગત કાયદાઓ ધર્મગ્રંથો પર મુખ્યત્વે આધારીત છે. (જેમ કે મુસ્લીમ કાનુન કુરાન પર આધારીત છે) જે દેશ બીનસાંપ્રદાયીક (Secular) અને જયાં કાયદાનું શાસન પ્રવર્તમાન

હોય, ત્યાં જુદા જુદા ધર્મના લોકો માટે અલગ અલગ અને ધર્મ આધારીત અંગત કાયદાઓનું પ્રચલન હોઈ શકે જ નહીં. ખરેખર તેનાથી બંધારણનો ભંગ થાય છે. ખરખર સંસદે સમાન નાગરીક ધારો ઘડી તેનો અમલ કરાવવો જોઈએ.

**માનવવાદ શું છે ?**

કલોઝ (એચ) માં માનવવાદ (humanism)ની પણ એક ફરજ વર્ણવવામાં આવી છે. આધુનીક અર્થમાં માનવવાદ એટલે નીસર્ગાતીત ધાર્મીક માન્યતાઓ ઉપર આધાર રાખ્યા વીના માનવની પ્રગતી માટેની ચળવળ - માનવવાદ-માનવ વ્યકતીત્વના પુર્ણ વીકાસ માટેની ચળવળ છે, અને તે મુખ્યત્વે અથવા સંપુર્ણતઃ માનવ સ્વભાવ પર જ આધાર રાખે છે. માનવ દરેક બાબતોનું માપ છે. (man is the measure of all things). આ અર્થમાં માનવવાદ એટલે દરેક માનવનો ગૌરવપુર્ણ રીતે જીવન જીવવાનો અધીકાર. આ અર્થમાં માનવવાદ, ધાર્મીક માનવવાદ કરતા અલગ છે. માનવવાદ વ્યકતીને શ્રેષ્ઠતા આપે છે, જયારે ધર્મ કાલ્પનીક દૈવીશકતીને તમામ બાબતોમાં મધ્યબીંદુએ મુકે છે. માનવવાદ એવી પ્રથા છે કે જે માનવહીતો અને માનવની વીચારશકતી સર્વોચ્ચ પ્રાધાન્ય આપે છે. માનવવાદ માનવજીવનની તમામ સમસ્યાઓમાં વીવેકબુદ્ધી (reason)ની મહત્તા સ્વીકારે છે. માનવવાદ એવું દષ્ટીબીંદુ રજુ કરે છે કે વીજ્ઞાનની પ્રગતી સાથે માનવ-જીવનનો પણ વીકાસ થયેલ છે. માનવવાદમાં માનવ ગૌરવ મુખ્ય, બાકીની બધી બાબતો ગૌણ છે.

માનવવાદ માને છે કે કોઈ પણ દૈવી શકતી, શ્રદ્ધા કે ચમત્કારમાં વીશ્વાસ રાખવાને બદલે વૈજ્ઞાનીક જ્ઞાનનો વીવેકબુદ્ધીથી માનવજાતના ભલા માટે ઉપયોગ કરવો જોઈએ. માનવવાદના મતે જ્ઞાન અને માન્યતાઓ કયારેય આખરી હોઈ શકે નહીં. માનવવાદને સ્વર્ગ-નરકની કલ્પના કે મૃત્યુ પછીના જીવનમાં વીશ્વાસ નથી. આત્મા-પરમાત્મા કે પુનઃજન્મ જેવી માન્યતાઓ તેને માન્ય નથી. આ જગતમાં આપણને જે જીવતા મનુષ્યો આપણી નજર સામે દેખાય છે તેના વીકાસ સાથે તેનો સંબંધ છે. તેને મન કોઈ હીન્દુસ્તાની, પાકીસ્તાની, ઈરાની કે જાપાનીઝ નથી. દુનીયાના કોઈપણ પ્રદેશમાં રહેતા માનવી તેની નજરે સમાન છે. સ્ત્રી-પુરુષના લીંગ-ભેદ, જાતી ભેદ, રંગ ભેદ કે જન્મ સ્થળના ભેદના બંધનો તેને માન્ય નથી. પોતાની સાથેના તમામ માનવો સાથે તે સમાન વર્તાવ રાખે છે.

માનવવાદ એવી સામાજીક વ્યવસ્થા સ્થાપવાનો ઈરાદો રાખે છે કે જેમાં વ્યકતી સ્વાતંત્ર્ય, સામાજીક ન્યાય, મુળભુત અધીકારો અને કાયદા શાસનની બાંહેધરી આપવામાં આવતી હોય છે. માનવવાદ એવા સમાજરચનાની અપેક્ષા રાખે છે કે જેમાં માનવ વીકાસ માટે શ્રેષ્ઠ તક મળી શકતી હોય.

* * *

વૈજ્ઞાનીક અભીગમ કેળવવા માટે વીજ્ઞાની બનવું જરૂરી નથી કે વીજ્ઞાનનું શીક્ષણ લીધેલ હોવાનું પણ જરુરી નથી. વૈજ્ઞાનીક માનસ એટલે વીજ્ઞાનીની માફક દરેક વસ્તુ જાણવાની જીજ્ઞાસા વૃત્તી ધરાવવી, ઘટનાના મુળમાં ઉંડા ઉતરવું અને તર્ક કે બુદ્ધીના સહારે તે અંગેના તારણ પર આવવું. તેમાં ઘેલછા કે લાગણીશીલતાને સ્થાન નથી... દુનીયા માયા નહી, પણ તથ્ય છે.

આજે ધર્મનો સુક્ષ્મ વીચાર કોઈ કરતું નથી. ધર્મના મુળતત્ત્વની કોઈ દરકાર કરતું નથી. (હીન્દુ અને મુસ્લીમ) બંને સમાજોમાં દુરાગ્રહ અને મીથ્યાભીમાનનું પ્રાબલ્ય છે. ગ્રંથ પ્રમાણ, અંધશ્રદ્ધા અને અન્ય માન્યતાઓએ ધર્મનો કબ્જો લઈ લીધો છે. ધર્મ અને વીવેક વચ્ચેનો સંબંધ જાણે કપાઈ ગયો છે. લાશ અને મૃત વ્યકતીના વીચારો પર ધમાસાણ જામ્યું છે. સત્ય શું છે, તેના તરફ કોઈનું ધ્યાન નથી. અમુક ધર્મ સ્થાપકે શું કહ્યું હતું અથવા અમુક ધર્મગ્રંથમાં શું કહેવાયું છે, તેને જ મહત્ત્વ આપવામાં આવે છે, અને સત્ય એક ખુણામાં રોઈ રહયું છે. સ્વાભાવીક છે કે આવા સમયે ઢોંગી લોકોને તક મળે.

* * *

કોઈપણ કાયદાનો હેતુ લોકોના સુખ કે આનંદમાં વધારો કરવાનો હોવો જોઈએ. આથી કોઈપણ કાયદામાં લોકોના સુખ કે આનંદ ઘટાડવાની જોગવાઈ હોવી ન જોઈએ.

શીક્ષા પોતે ખરાબ છે. આમ છતાં જ્યારે શીક્ષા (punishment) કરવાની જ હોય ત્યારે તે અન્ય કોઈ દુષ્કૃત્ય કે ગુનો અટકાવવાના હેતુથી થયેલ હોવી જોઈએ. જ્યારે સજા અસરકારક ન હોય. (એટલે કે ગુનો અટકાવવાની ક્ષમતા તેનામાં ન હોય) ત્યારે સજા થવી જોઈએ નહીં. તે જ રીતે, ગુનો કે દુષ્કૃત્ય આપમેળે બંધ થઈ જાય, ત્યારે પણ સજા કરવી જોઈએ નહીં.

જેરેમી બેન્થામ : An Ubtridyctuib ti tge Orubcuokes if Morels and Legislation. Chapter XIIL."

---

**માનવજાતને જે કંઈ કર્યું છે, વીચાર્યું છે અને મેળવ્યું છે તે પુસ્તકોના પાનામાં સુરક્ષીત છે.**

**-કાર્લાઈલ**

## ધર્મનીરપેક્ષતા કોને કહેવાય ?

લગભગ ૧૪મી - ૧૫મી સદી સુધી યુરોપના અનેક દેશોમાં ખ્રીસ્તી ધર્મોએ રાજયના વડાઓ હતા. એટલે કે કેટલાક યુરોપના દેશોમાં ખ્રીસ્તી ધર્મનું સામ્રાજય હતું. તે સમયે તેમની જોહુકમી એવી હતી કે રાજયના તમામ લોકોએ ફરજીયાતપણે ખ્રીસ્તી ધર્મ પાળવો જોઈએ, એટલે કે રાજયના નાગરીકોને ખ્રીસ્તી ધર્મ પાળવા સીવાયનું ધર્મ સ્વાતંત્ર્ય હતું નહીં. તેના વીરોધમાં પુનરુત્થાન (રેનેસા) નો ઉદય થયો. તેનાં સમર્થકોની માંગણી એવી હતી કે કોઈ પણ વ્યકતીને ધર્મ પાલનમાં બળજબરી કે દબાણ હોવા જોઈએ નહીં. યુનોએ તા. ૧૦ ડીસેમ્બર, ૧૯૪૮ ના રોજ પ્રગટ કરેલ 'માનવ અધીકારોની વૈશ્વીક ઘોષણા' માં ધર્મ સ્વાતંત્ર્યનો માનવ અધીકાર તરીકે સ્વીકાર થયેલ છે.

બંધારણ સભાના ઘડતર સમયે ભારત પાકીસ્તાન વીભાજનના કારણે કોમી હુતાસનની આગ ખાસ કરીને સરહદી વીસ્તારોમાં ફેલાયેલી હતી. લાખો નીર્દોષ નાગરીકોની કતલ થઈ. તેને અનુલક્ષીને બંધારણ સભામાં પણ કેટલાક સભ્યોએ ભારતને હીંદુ રાષ્ટ્ર જાહેર કરવાની માગણી ઉઠાવેલ હતી, પરંતુ તેનો સ્વીકાર થયો ન હતો કારણ કે કોઈપણ અથવા દરેક બંધારણમાં નાગરીકો વચ્ચે પક્ષાપક્ષીનો નકાર અને સમાનતાનો સ્વીકાર તેના પાયામાં હોય છે.

ભારતના બંધારણના આમુખમાં રાષ્ટ્ર સાર્વભૌમ, 'સમાજવાદી' અને 'ધર્મ નીરપેક્ષતા' (બીનસાંપ્રદાયીકતા - secularism) પાછળથી ઉમેરાયેલા શબ્દો છે. તો પણ આપણું બંધારણ શરૂઆતથી જ ધર્મનીરપેક્ષ રહયું છે. ધર્મનીરપેક્ષતાનો અર્થ સામાન્ય નાગરીકો માટે જ નહીં, ભલભલા રાજનેતાઓ માટે પણ અજાણ રહયો છે. ધર્મનીરપેક્ષતાનો અર્થ એ છે કે -

(૧) ધર્મનીરપેક્ષ રાષ્ટ્રને પોતાનો કોઈ ધર્મ હોતો નથી. જેમ રાષ્ટ્રને પોતાની વીદેશનીતી, બાળ નીતી, કાપડ નીતી, મહીલા નીતી, રમતગમત નીતી, શીક્ષણ નીતી હોય છે, તે રીતે ધમેનીરપેક્ષ રાષ્ટ્રે પોતે કોઈ ધર્મ સ્વીકારેલો હોતો નથી. ધર્મની બાબતમાં આવું રાષ્ટ્ર નીરપેક્ષ-તટસ્થ છે. તેને ધર્મની સાથે કોઈ લગાવ કે લેવાદેવા નથી. આવા રાષ્ટ્રના એજન્ડામાં ધર્મને કયાંય સ્થાન નથી. આ અર્થમાં ભારત ધર્મનીરપેક્ષ રાષ્ટ્ર છે કારણ કે તેને પોતાનો કોઈ ધર્મ સ્વીકારેલ કે જાહેર કરેલ નથી જેમ કે પાકીસ્તાનનો રાષ્ટ્રધર્મ ઈસ્લામ છે. અમેરીકા ધર્મનીરપેક્ષ રાષ્ટ્ર છે.

(૨) ધર્મનીરપેક્ષ રાષ્ટ્રનું બીજું લક્ષણ એ છે કે તે કોઈ પણ ધાર્મીક પ્રવૃત્તીને ટેકો કે સમર્થન આપી શકે નહીં. ધર્મની બાબતમાં આવું રાજય તટસ્થ (neutral) છે. આનો વીશાળ અર્થ થાય છે, રાજય બીનસાંપ્રદાયીકતાને વરેલું હોવાથી રાજયનો કોઈ પ્રતીનીધી (પટાવાળાથી લઈ રાષ્ટ્રપતી સુધી) ધાર્મીક વીધીમાં હાજરી આપી શકે નહીં. આજકાલ આપણા રાજનેતાઓ તરફથી ધર્મનીરપેક્ષતાનો ખુલ્લેઆમ ભંગ થઈ રહયો. ૨૦૦૫માં રાષ્ટ્રપતી અબ્દુલ કલામ અને વડાપ્રધાન બાજપેયીએ દીલ્હી ખાતે અક્ષરધામ મંદીરનું ઉદ્‌ઘાટન કરેલ હતું. ૨૦૧૦માં ગુજરાત રાજયની સુવર્ણ જયંતી પ્રસંગે ગુજરાત વડી અદાલત (High Court)માં ઓડીટેરીયમના ભુમીપુજન કાર્યક્રમ વખતે તત્કાલીન રાજયપાલ ડો. કમલા બેનીવાલ અને તત્કાલીન મુખ્ય ન્યાયમુર્તી મુખોપધ્યાયે હાજરી આપી હતી. તે સમયે રાજુ સોલંકી નામના એક પત્રકારે આ બનાવથી ધર્મનીરપેક્ષતાનો ભંગ થતો હોવાના કારણસર ગુજરાત વડી અદાલતમાં રીટ અરજી કરેલ હતી. જો કે ગુજરાત વડી અદાલતે આ રીટ અરજી રદ કરી, અરજદાર પત્રકારને રૂા. ૨૦ હજાર દંડ ફટકાર્યો હતો, છતાં ચુકાદામાં આ બનાવથી ધર્મનીરપેક્ષતાનો ભંગ થતો હોવાનું સ્વીકારાયેલ.

આ અર્થમાં કોઈ પણ સરકારી ઈમારતમાં દેવ, દેવી માતાજીની તસ્વીરો મુકી શકાય નહીં. ધુપ, દીવા, અગરબત્તી, હવન વગેરે થઈ શકે નહીં. રાજનેતાઓ (મુખ્ય પ્રધાન, રાજ્યપાલ, વડાપ્રધાન, રાષ્ટ્રપતી, કોઈપણ પ્રધાન) પોતાની અંગત હેસીયતથી ધર્મસ્થાને જવા મુકત છે, પરંતુ રાજયના પ્રતીનીધી તરીકે નહીં, કારણ કે રાજય ધર્મનીરપેક્ષતાને વરેલું છે. તેથી રાજયની આ નીતી દરેક સરકારી પ્રતીનીધીએ અનુસરવી જોઈએ.

(૩) કોઈપણ સરકારી કે સરકારના અનુદાનથી ચાલતી શીક્ષણ સંસ્થામાં ધાર્મીક શીક્ષણ આપી શકાય નહીં. અન્ય જે સંસ્થાઓમાં ધાર્મીક શીક્ષણ અપાતું હોય, ત્યાં કોઈને હાજર રહેવા ફરજ પાડી શકાય નહીં.

(૪) ધર્મનીરપેક્ષ રાષ્ટ્રના કરવેરાનાં નાણાં ધાર્મીક પ્રવૃત્તીને પ્રોત્સાહન કે સમર્થન આપવા ખર્ચી શકાતા નથી. સર્વોચ્ચ અદાલતે મુસ્લીમોને અપાતી હજ સબસીડી દુર કરવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. સરકાર મંદીર કે મસ્જીદ બાંધવા કે કોઈ ધાર્મીક ઉત્સવની ઉજવણી કરવા, રાજયની તીજોરીમાંથી મદદ કરી શકે નહીં. જો કે દેશમાં ખુલ્લેઆમ આ બધું થઈ રહયું છે, પરંતુ તેનાથી ધર્મનીરપેક્ષતાનો ભંગ થાય છે.

(૫) ધર્મનીરપેક્ષ રાષ્ટ્રમાં દરેક ધર્મ સ્વાતંત્ર્યનો અધીકાર (freedom of right to religion) હોય છે. ભારતના બંધારણ અનુચ્છેદ ૨૫ થી દરેક વ્યકતીને પોતાની પસંદગીનો ધર્મ પાળવાની, તેનો પ્રચાર-પસાર કરવાનું સ્વાતંત્ર્ય અપાયેલું છે. તેનો અર્થ એવો નથી. દરેક વ્યકતીએ કોઇને કોઈ ધર્મ પાળવાનું ફરજીયાત છે. કોઈપણ ધર્મ ન પાળવાનું (એટલે કે નાસ્તીક રહેવાનું) પણ બંધારણથી સ્વાતંત્ર્ય અપાયેલ છે.

(૬) રાજય ધર્મના કારણસર કોઈ પણ વ્યકતી સાથે ભેદભાવ (પક્ષપાત) કરી શકે નહીં. અનુચ્છેદ ૧૪માં સમાનતાનો સીદ્ધાંત સ્વીકારાયો છે અને અનુચ્છેદ ૧૫ માં તેને અનુસંધાને જોગવાઈ કરાયેલ છે કે રાજ્ય કોઈ પણ નાગરીક સાથે જાતી, જ્ઞાતી, ધર્મ કે લીંગ કે જન્મસ્થાનના આધાર ભેદભાવ કરી શકે નહીં. રાજ્ય માટે દરેક જાતી, જ્ઞાતી કે ધર્મના લોકો સમાન છે. કાયદાને નજરમાં કોઈ હીંદુ, મુસ્લીમ, શીખ, પારસી કે જૈન નથી.

(૭) ધર્મનીરપેક્ષ રાજયની, શાસનમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની પણ ફરજ છે. એટલે કે રાજયે માત્ર હકીકતો , ચકાસણી અને પ્રયોગના અનુભવના આધારે જ નીર્ણયો લેવા જોઈએ. વરસાદ સમયસર લાવવા કેરલ સરકારે બે વર્ષ અગાઉ રાજ્યના મંદીરોને હવન કરવા માટે ગ્રાંટ જાહેર કરી હતી. આ વૈજ્ઞાનીક અભીગમ નથી. રાજય કૃત્રીમ વરસાદ લાવવા પ્રયત્ન કરે તે વૈજ્ઞાનીક અભીગમ કહેવાય.

---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોંની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# દુરબીનો આકાશ તરફ, પણ જુદી જુદી દીશામાં !

ભૌતીકશાસ્ત્રની એક શાખા ખગોળશાસ્ત્ર છે. આથી ખગોળશાસ્ત્રમાં નવા જ્ઞાનના સર્જકોને ભૌતીકશાસ્ત્રમાંની શોધ તરીકે ગણીને નોબલ પારીતોષીક આપવામાં આવે છે. ૨૦૧૯નું નોબલ ત્રણ ખગોળશાસ્ત્રીઓ વચ્ચે વહેંચાયું છે. આ ત્રણેએ આકાશમાં દુરબીન માંડયા હતા, પરંતુ તેમાંના એક ૮૪ વર્ષના જેમ્સ પીબલ્સે ૧૩.૭ અબજ વર્ષ પુર્વ થયેલ બીગબેન્ગ પછી તરત જ સચરાચરની શી પરીસ્થીતી હતી તેના પર સંશોધન કર્યુ છે. એમણે બીગબેન્ગ થયા પછી છુટા પડેલ રેડીયેશનની ગરમી કેટલી હતી તે શોધીને દર્શાવ્યું છે કે રેડીએશનનું તાપમાન આપણને દર્શાવે છે કે કેટલા પદાર્થોનું સર્જન થયું, અને એ પદાર્થોએ એકત્રીત થઈને કેવી રીતે નીહારીકાઓ સર્જી. એમના આ સંશોધનથી એ સમજાયું છે કે સચરાચરના કુલ ઘનફળના માત્ર પાંચ  ટકા જ પદાર્થો દ્રવ્ય (matter) છે. ૨૬ ટકા શ્યામ દ્રવ્ય અને ૬૯ ટકા શ્યામ ઉર્જા છે. આ બન્ને શ્યામ તત્ત્વોનું સંશોધન થવાથી હવે એમના અભ્યાસ શરુ થયા છે. એના થકી અનેક હેરત પમાડે તેવી હકીકતો પ્રકાશમાં આવવા માંડી છે. પીબલ્સના સંશોધનને પરીણામે તે શકય બન્યું છે તેથી તેઓ નોબલના અડધા પુરસ્કારના હકદાર બન્યા છે. વીજ્ઞાન સતત અને કડીતોડ મહેનત માંગે છે. પીબલ્સે વીસમી સદીના છઠ્ઠા દાયકાથી આ અભ્યાસ-સંશોધન શરુ કરેલાં. ૨૦૧૯માં દુનીયા એમના સંશોધનોથી પરીચીત થઈ તેથી તેઓ નોબલના હકદાર બન્યા.

બીજા બે ડીડીયર કવેલોઝ કે જેઓ ત્રેપન વર્ષના છે, અને માઈકલ મેયર કે જેઓ સીત્તોતેર વર્ષના છે તે વૈજ્ઞાનીકોએ સુર્યમંડળની બહાર ગ્રહો અંગે સંશોધન કર્યા છે. ઈ.સ. ૧૯૯૫માં આ બન્ને પહેલા ખગોળશાસ્ત્રીઓ હતા કે જેમણે સુર્યમંડળની બહારના એક તારાની આસપાસ ઘુમતા એક ગ્રહને જોયો ! આ તારો પૃથ્વીથી પચાસ પ્રકાશવર્ષ દુર છે. એ તારાની આસપાસ ઘુમતો ગ્રહ આપણા ગુરુ જેવડો મોટો છે. એમની આ શોધથી ખગોળશાસ્ત્રમાં પ્રકાશનો શેરડો પડયો !

કઈ દીશામાં અને કઈ પદ્ધતીએ સુર્યમંડળની બહારના ગ્રહો શોધી શકાય તેનું નવું જ જ્ઞાન માનવજાતને પ્રાપ્ત થયું. પરીણામે આવા ૪,૦૦૦ ગ્રહો શોધી શકાયા છે ! આ જ જ્ઞાનને ઉપયોગમાં લઈને વીશ્વમાં સેંકડો વૈજ્ઞાનીકો પૃથ્વીની નજીકના બે લાખ તારાઓનો એકી સાથે અભ્યાસ કરે છે. એ દરેક તારાને ગ્રહો છે કે કેમ, અને જો હોય તો કેવા અને કેટલા તેનો તેઓ અભ્યાસ કરે છે. આમ કવેલોઝ અને મેયરની જોડીએ ખગોળશાસ્ત્રનાં એવાં બારણાં ખોલ્યાં છે કે જયાંથી જ્ઞાનનો નવો પ્રકાશ ધોધની જેમ વહેવા માંડયો છે. આ જોડીને નોબલનું અડધુ પારીતોષીક ૨૦૧૯ના વર્ષ માટે મળ્યુ છે.

# ઈશ્વર

**–કલ્પેશ પટેલ–ગાંધીનગર**
**મો. – ૯૯૭૯૯ ૯૧૯૦૯**

હે ઈશ્વર !
તને સર્જીને મેં હાથ ધોઈ નાંખ્યા'તા
એટલે જ -
તું હાવી થઈ ગયો મારી પર...
તું મારું જ સર્જન, પણ મારા નામ વીનાનું.
તું મારું  જ સંતાન, પણ મારો બાપ.
તું મારું જ રમકડું...પણ
મને રમાડવા લાગ્યો તું....
મારું કોઈ પણ પરાક્રમ, મારી કોઈપણ સફળતા
આખરે તો એમ કહીને જ
સ્વીકૃત થાય કે ઈશ્વરે મને-
બળ આપ્યું છે-બુદ્ધિ આપી છે-પ્રતીભા આપી છે, મારી કોઈપણ વીફળતા પણ
તારે નામે જ ચડે કે
ઈશ્વરની ઈચ્છા વીના પાંદડું પણ હાલતું નથી !
ખરે તો હું તારો ઈશ્વર છું !
તો ય તેં મને ઈશ્વર તો નહીં, પણ માણસ પણ ન રહેવા દીધો.
તું મારું એવું બળવાખોર સંતાન છે કે-
ઉપરના ફોટાવાળો મારો પુત્ર નામે ઈશ્વર
હવે મારા કહ્યામાં રહયો નથી !
તેની સાથે કોઈ પણ જાતનો વહેવાર કરશો તો એમાં અમારી જવાબદારી રહેશે નહી !
(પ્રેષક : પ્રવીણ ગઢવી, ગાંધીનગર)

---

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦–જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

## ઈન્ડીયન સાયન્સ કોંગ્રેસમાં આપણા ડો. બી. એ. પરીખ

બેંગ્લોરમાં આ કોંગ્રેસના ૧૦૭મા અધીવેશનમાં દેશ-પરદેશના દશ હજારથી પણ વધારે વૈજ્ઞાનીકો અને વીજ્ઞાનપ્રેમીઓ હાજર રહયા હતા. આ અધીવેશનમાં મનોવીજ્ઞાન પર પણ પરામર્શ થાય છે. આ મનોવીજ્ઞાન વીભાગના પ્રમુખ તરીકે ડો. પરીખે ઈ. સ. ૨૦૦૦માં સેવા આપી હતી. આ વીભાગના ૨૫૦ વૈજ્ઞાનીકો સમક્ષ ડો. પરીખે આપણી સત્યશોધક સભાની પ્રવૃત્તીઓને વીજ્ઞાનની એરણ પર તપાસી હતી. સભા તરફથી યોજાતાં પ્રવચનો, ગોષ્ઠીઓ, ચમત્કાર પર્દાફાશ, ચમત્કાર નીદર્શન, પુસ્તકો અને 'સત્યાન્વેષણ' ના પ્રકાશનનો ઉલ્લેખ કરીને ડો. પરીખે જણાવ્યું હતું કે આ પ્રવૃત્તીઓ દ્વારા સભા લોકમાનસમાં જે અવૈજ્ઞાનીક રુઢીઓ, માન્યતાઓ અને વહેમનો કચરો ભરાઈ ગયો છે તેને દુર કરવાના પ્રયત્નો કરે છે. આગળ વધીને લોકો રેશનલ અભીગમ અપનાવે તે માટે પણ આ પ્રવૃત્તીઓ દ્વારા એમના માનસને બદલવાનો પ્રયત્ન થાય છે. સંસ્થાની ઘણી પ્રવૃત્તીઓ ગ્રામ વીસ્તારોમાં થાય છે. ત્યાં સંસ્થાની પ્રવૃત્તીઓ તરફ લોકોનું કૌતુક વધારે હોય છે. આજે તેઓ કૌતુક અનુભવે છે તો સમય જતા એમના માનસ બદલાય તેવી આશા જન્મે છે. શહેરી અને કસબા વીસ્તારમાં સભાની પ્રવૃત્તીઓને સમજી તેમાંથી જે થોડુંઘણું અમલમાં મુકાય તેવું એક નાનુ શુ પરીવર્તન આવી ગયું છે. લોકમાનસને બદલી શકાય તેવો આશાવાદ સભાના કાર્યકરોમાં જન્મ્યો છે. વીકાસની નવી સંકલ્પના આપતા ડો. પરીખે જણાવ્યું કે વીવેક પુરઃસર વીચારવા માટે માણસ તૈયાર થાય તો જ આર્થીક-સામાજીક વીકાસનું એન્જીન પુરપાટ દોડતું થાય. માણસનો રેશનાલીઝમનો સ્વીકાર જ સાચો વીકાસ હોવાનું એમણે જણાવ્યું હતું. આમ, આ પ્રવચન દ્વારા ડો. પરીખે વીકાસની નવી જ સંકલ્પનાને વૈજ્ઞાનીકો સમક્ષ પરામર્શન માટે મુકી હતી. અલબત્ત, આવી રીતે નવી સંકલ્પનાનો તરત જ સ્વીકાર કે અસ્વીકાર થતો નથી. વૈજ્ઞાનીક પદ્ધતીએ એ પછીના વર્ષોમાં તેના પર વૈજ્ઞાનીકો ચર્ચા-વીચારણા કરશે અને તારણો મેળવશે.

## NPR ની ધમાલમાં 'ધર્મ–વીહોણા'વાળુ ભુલતા નહી

આપણી પ્રવર્તમાન સરકાર કોઈપણ કામ વીવાદ ઉભો કર્યા વીના પાર પાડતી નથી. ભારતમાં એકસો ચાલીસ વર્ષથી વસતી ગણતરી થાય છે. કોઈ પણ વર્ષે આ ખુબ જરુરી ગણતરીમાં વીવાદ ઉભો થયો નથી. આપણી આ સરકારે વસતીગણતરીના પડદા પાછળ આપણી ઘણી બધી અંગત વીગતો જાણી લેવાનો કારસો કર્યો છે. આથી NPR એટલે કે રાષ્ટ્રીય વસતી નોંધ પર ઘણો વીવાદ થયો છે. આ વીવાદમાં તમે એ ભુલી નહીં જતા કે તમારે 'ધર્મવીહોણા' તરીકે તમારી જાતને નોંધાવવાની છે.

# પ્રમોદચંદ્ર પાઠકજી નિબંધ / વકતૃત્વ સ્પર્ધા નિમિત્તે માતબર દાન



સત્યશોધક સ્પર્ધાના મીત્રો જાણે છે કે આપણે વર્ષોથી પ્રમોદચંદ્ર પાઠકજી નીબંધ / વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરીએ છીએ. આ સ્પર્ધા વધારે આકર્ષક બને તે હેતુથી આપણી સત્યશોધક સભાના એક સ્થાપક સભ્ય  શ્રી અતુલભાઈ પાઠકજીના  નેતૃત્વ હેઠળ ચાલતા 'સંસ્કૃતી પુરુષ ડો. પ્રમોદચંદ્ર બાળકૃષ્ણ પાઠકજી સ્મારક ટ્રસ્ટ' તરફથી સત્યશોધક સભાને રૂા. ૭૫,૦૦૦/- નું માતબર દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. સ્પર્ધાના પ્રવર્તમાન નીયમોમાં ટ્રસ્ટ તરફથી થોડા સુધારા સુચવવામાં આવ્યા છે,  જે વીચારણા માટે કારોબારીમાં  મુકવામાં આવશે.

---

### સત્યશોધક સભાને દાન

ફરી એકવાર શ્રી તારાબહેન પ્રેસવાલા તરફથી સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦/-નું દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**જાન્યુઆરી–૨૦૨૦**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)**

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

જ્ઞાનદીપ વીદ્યાલય, ગામ તળાદ, ખુર્દ, તા. માંડવી : NSSના તાલીમાર્થીઓના એક કેમ્પમાં ગામ-કરુથા મુકામે સત્યશોધક સભા તરફથી ચમત્કારોના નીદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ તાલીમાર્થીઓ, ૫૦ જેટલા સ્થાનીક વીદ્યાર્થીઓ અને ૫૦ અન્ય ગ્રામજનો  સમક્ષ કહેવાતા ચમત્કારો જેવા કે હાથમાં દીવા, સળગતો કાંકડો, મંત્રશકતી દ્વારા અગ્ની પ્રગટ કરવો, એકના ડબલ કરવા, નાળીયેરમાંથી ચુંદડી કાઢવી વગેરે પ્રયોગો ચમત્કારના સ્વરુપે રજુ કરી વૈજ્ઞાનીક સીદ્ધાંતોની સમજુતી આપી હતી. કહેવાતા ઢોંગી લોકો ભોળી જનતાને કેવી રીતે છેતરે છે તે સમજાવવામાં આવ્યું હતું. ગીત દ્વારા દીકરા-દીકરી વચ્ચેના ભેદભાવો રજુ કરવામાં આવ્યા હતા. ગુણવંતભાઈ ચૌધરી, કરુણાબહેન  ચૌધરી, સાવંત ચૌધરી અને મૌસમી ચૌધરી દ્વારા આ અદ્‌ભુત કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જ્ઞાનદીપ વીદ્યાલયના આચાર્ય શ્રી ગીરીશભાઈ ચૌધરી તથા તેમની ટીમે સક્રીય ભૂમીકા ભજવી હતી.


# ‘સત્યાન્વેષણ’ને સફળતાની



# શુભેચ્છા...



# એક શુભેચ્છક તરફથી


**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ફોન નં.-(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું.  મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**